ક્રમાંક:ઇજર/વહટ/૩૯/૨૦૧૦/૧૨૫૨૭ થી ૧૨૮૮૪

નોંધણી સર નિરીક્ષક કચેરી
બ્લોક નં.૧૪,બીજો માળ,
જુના સચિવાલય,ગાંધીનગર
તારીખ ૨૬/૭/૨૦૧૩

વિષય: દસ્તાવેજ લખી આપનાર તથા લખાવી લેનારની દસ્તાવેજના દરેક પાના પર સહી મેળવી દસ્તાવેજ નોંધણી અર્થે સ્વીકારવા બાબત

સંદર્ભ: અત્રેની કચેરીનાં પરીપત્રક્રમાંક: ઇજર/વહટ/૩૯/૨૦૧૦/૧૨૨૨૪ થી ૧૨૩૮૯/૧૦, તા.૧૦/૦૮/૨૦૧૦

સુધારા પરિપત્ર:

આથી રાજ્યના તમામ નોંધણી નિરીક્ષકશ્રીઓ અને નોંધણી અમલદારોનું ધ્યાન અત્રેનાં સંદર્ભીત પરિપત્ર તરફ દોરતા જણાવવામાં આવે છે કે,

નોંધણી અધિનિયમ-૧૯૦૮ તથા તે હેઠળના ગુજરાત નોંધણી નિયમો -૧૯૭૦ ની જોગવાઇ લક્ષમાં લેતા,સદર પરિપત્રથી અપાયેલ સુચનામાં નીચેની વિગતે આંશિક સુધારો કરવામાં આવે છે.

સદર પરિપત્રમાં "**દસ્તાવેજનાં દરેક પાના ઉપર લખી આપનાર/લખાવી લેનાર પક્ષકારની સહી મેળવવી**" એ શબ્દોને બદલે "**નોંધણી માટે રજુ થતાં તમામ પ્રકારના દસ્તાવેજનાં દરેક પાના ઉપર લખી આપનાર/લખાવી લેનારની તારીખ સાથેની સહી થયેલ હોય તેવા દસ્તાવેજ સબ રજીસ્ટ્રારએ નોંધણી માટે સ્વીકારવાના રહેશે.**" એ મુજબનો સુધારો કરવામાં આવે છે.

સંદર્ભવાળા પરિપત્રની અન્ય સુચનાઓ યથાવત રહેશે. ઉકત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા તથા સુધારા પરિપત્ર મળ્યાની પહોંચ મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

સહી-લોચન સહેરા
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય ,ગાંધીનગર

પ્રતિ,
સબ રજીસ્ટ્રારશ્રી તમામ (મારફત નોંધણી નિરીક્ષક) જાણ તથા અમલ સારુ

**નકલ જય ભારત સહ રવાના-:**

૧. નાયબ કલેકટરશ્રી,સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર તમામ તરફ જાણ સારુ
૨. જીલ્લા રજીસ્ટ્રારશ્રી-વ- કલેકટરશ્રી તમામ
૩. મદદનીશ નોંધણી સર નિરીક્ષકશ્રી (તમામ)ઇ.જ.ર.કચેરી,ગાંધીનગર.
૪. ઇ.જ.ર.કચેરીની તમામ શાખા

**સવિનય નકલ રવાના-:**

અધિક સચિવશ્રી (સ્ટેમ્પ),મહેસૂલવિભાગ,હ-૧,સચિવાલય,ગાંધીનગર

રવાના કર્યુ.

નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય,ગાંધીનગર